BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# બ્રેમ્પટન પ્રોફેશનલ ફાયર ફાઈટર્સે નવા ફાયર કેમ્પસ મેમોરિયલ માટે $150,000 નો ફાળો આપ્યો

***સ્વર્ગસ્થ ફાયરફાઈટર્સને સન્માન આપવા ઊભું કરાનારું સ્મારક બનાવવા અરજી કરવા કલાકારોને આમંત્રિત કરવામાં આવે છે***

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (સપ્ટેમ્બર 2, 2021) – આજરોજ, બ્રેમ્પટનના પ્રોફેશનલ ફાયર ફાઈટર્સ, IAFF લોકલ 1068 દ્વારા નવા સ્મારક માટે ફાળો આપવા $150,000 નો ચેક સીટી ઓફ બ્રેમ્પટનને આપવામાં આવ્યો, આ નવા મેમોરિયલથી ફરજ પર આખરી બલિદાન આપનાર બ્રેમ્પટનના સ્વર્ગસ્થ અગ્નિશમન કર્મચારીઓને સન્માન મળશે. એસોસિએશનના સભ્યોએ આ ભંડોળમાં ફાળો આપવાની તરફેણમાં મત આપ્યો જેનાથી શહેરને પહેલેથી મળેલા આ ભંડોળમાં $150,000 નો ઉમેરો થયો, અને કળાત્મક સ્મારક માટે કુલ ભંડોળ $300,000 થયું.

આ સ્મારક વિલિયમ્સ પાર્કવે પર નવા ફાયર હેડક્વાર્ટર્સ અને ટ્રેઈનીંગ સેન્ટરમાં સ્થિત થશે, જેનું સમાપન વર્ષ 2023 ની વસંત ઋતુમાં થવાનું નિર્ધારિત છે. અત્યાધુનિક, કેન્દ્રિય સગવડ ખુલવાની સાથે તે બ્રેમ્પટનનું ફાયર અને ઈમરજન્સી હેડક્વાર્ટર્સ, પ્રિવેન્શન ડિવિઝન, નવું ફાયર સ્ટેશન 203, કટોકટીમાં ઓપરેશન્સ સેન્ટર, ઈમરજન્સી મેઝર્સ ઓફિસ, અને ઈનડોર અને આઉટડોર ફાયર ટ્રેઈનિંગ સગવડોનું ઘર બનશે.

**કલાકારોને કૉલ**

સીટી ઓફ બ્રેમ્પટન નવું બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી મેમોરિયલ બનાવવામાં રસ રાખનાર વ્યવસાયી કલાકારો અને કલાકારની આગેવાનીની ટીમોને આમંત્રિત કરે છે. કલાકારો અચૂક કેનેડામાં રહેતા અને કાયદેસર રીતે કામ કરવાની પરવાનગી ધરાવતા હોવા રહ્યા.

આ રસ ધરાવતા કલાકારોને કૉલ એ બે તબક્કાની સ્પર્ધાત્મક પ્રક્રિયાનો પહેલો તબક્કો છે.

- તબક્કો એક: પ્રોજેક્ટમાં હિતધારકોની સિલેક્શન પેનલ દ્વારા તેઓના રસની સમીક્ષા.
- તબક્કો બે: ડિઝાઈન દરખાસ્ત રજૂ કરવા પાત્ર કલાકારોની ટૂંકી યાદીને નિમંત્રણો આપવા. સફળ કલાકાર આ તબક્કે પસંદ કરવામાં આવશે.

પહેલા તબક્કા માટે રજૂઆત સમયગાળો સપ્ટેમ્બર 2 થી ઓક્ટોબર 14, 2021 સુધી, બપોરે 2 વાગ્યા સુધી ખુલ્લો રહેશે. વધુ માહિતી માટે અને કલાકારોને કૉલ લેખ ડાઉનલોડ કરવા વેબસાઈટ જુઓ, brampton.ca/publicart

**અવતરણો (ક્વૉટ્સ):**

“અમે IAFF લોકલ 1068 માં અમારા ભાગીદારોના આ અદભુતપણે ઉદાર ફાળા માટે બહુ આભારી છીએ. આ સ્મારક આખરી બલિદાન આપનાર બધાંને સન્માન આપશે, અને આપણાં સમુદાયની સુરક્ષા અને સુખાકારી માટે અવિશ્વસનીય રીતે કટિબદ્ધ અમારી ફાયર ટીમને રોજિંદા સ્મૃતિપત્ર તરીકે સેવા આપશે. હું આપણી બ્રેમ્પટન ફાયર અને ઈમરજન્સી સર્વિસીસ માટે આ મહત્વપૂર્ણ સ્મારક બનાવવામાં ભાગ લેવા કલાકારોને આમંત્રિત કરવામાં પણ બહુ ખુશ થઉ છું — આપણાં શહેરમાં અમૂલ્ય ભૂમિકા ભજવતી ટીમને ઓળખ આપવાની આખાં જીવનમાં ખરેખર એક વખત મળનારી તક છે.”

- *પૅટ્રિક બ્રાઉન (Patrick Brown), મેયર, સીટી ઓફ બ્રેમ્પટન*

“બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ બ્રેમ્પટનને આરોગ્યપ્રદ અને સુરક્ષિત સમુદાય બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. આ કલાત્મક સ્મારકનું એકીકરણ આ નવા કેમ્પસને અર્થસભર રીતે વધારે તીવ્ર બનાવશે અને આપણાં સમુદાય માટે દરરોજ આટલું મહત્વનું અને નિઃસ્વાર્થ કામ કરનાર આપણાં ટીમ સભ્યોની એકંદરે સુખાકારીમાં ફાળો આપશે.”

- *રૉવિના સેન્ટોસ (Rowena Santos), પ્રાદેશિક કાઉન્સિલર,વૉર્ડ્સ 1 અને 5; પ્રમુખ, કમ્યુનિટી સર્વિસીસ, સીટી ઓફ બ્રેમ્પટન*

“આ સ્મારક વિકસાવવામાં ભાગીદારીઓ અને સહયોગ જોવા મળી રહ્યો છે, જે આપણી ટીમ અને આપણાં સમુદાય માટે બહુ બધું પુરવાર કરે છે. સીટી ઓફ બ્રેમ્પટન વતી, હું આ સ્મારક માટે તેઓની કટિબદ્ધતા બદલ IAFF લોકલ 1068 માં આપણાં ભાગીદારોનો હૃદયપૂર્વક આભાર માનું છું. હું આ કામ વિકસાવવામાં ભાગ લેવા અરજી કરવા સ્થાનિક કલાકારોને પણ પ્રોત્સાહિત કરું છું જેનો સાચો અર્થ આપણાં કર્મચારીઓ અને રહેવાસીઓ, અને અગ્નિશમન કર્મચારીઓના સમુદાય માટે ખરેખર બહુ હોવાનો થશે.”

– *ડેવિડ બેરિક (David Barrick), ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, સીટી ઓફ બ્રેમ્પટન*

“આપણાં ટીમ સભ્યો ન કેવળ સાથી કર્મચારીઓ, પણ કુટુંબીજનો છે. આ સ્મારક ઈમારત સમગ્ર બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ ટીમ માટે પુષ્કળ પુરવાર થશે, જે આપણને આપણાં સ્વર્ગસ્થ અગ્નિશમન કર્મચારીઓનું જીવન અને ફાળાને ઉજવવાની તક આપણને આપશે. આ સ્મારક સ્થળ આપણાં નવા વિલિયમ્સ પાર્કવે ફાયર કેમ્પસને ખરેખર વિશેષ સ્થળ બનાવશે.”

– *ચીફ બિલ બોય્સ (Bill Boyes), બ્રેમ્પટન ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ*

“મને આ મહત્વપૂર્ણ પહેલને ટેકો આપવા મત આપનાર આપણાં સભ્યોનું ગૌરવ થાય છે. આ સ્મારક દરેક વ્યક્તિ માટે પુષ્કળ અને આપણાં સમુદાયની સુરક્ષા માટે બલિદાન આપનારને ઓળખ અપાવવામાં મહત્વપૂર્ણ પુરવાર થશે જેથી કરીને આપણાં અને તેઓના કુટુંબીજનો પોતાની યાદશક્તિઓને જીવંત રાખી શકશે.”

– *પૉલ લિકોમ્પ્ટે (Paul Lecompte), પ્રમુખ, બ્રેમ્પટન પ્રોફેશનલ ફાયર ફાઈટર્સ, IAFF લોકલ 1068*

-30-

**કેનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook,, અને Instagram પર જોડાવ.અહીં વધુ જાણકારી મેળવો www.brampton.ca.

**મિડિયા સંપર્ક:**
પ્રભજોત કૈંથ (Prabhjot Kainth)
કોર્ડિનેટર, મીડિયા એન્ડ કમ્યુનિટી એન્ગેજમેન્ટ
સ્ટ્રેટેજીક કમ્યુનિકેશન (Strategic Communication)
સીટી ઓફ બ્રેમ્પટન
905-874-3426 | Prabhjot.Kainth@brampton.ca